# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,સુરત

એ-૩,જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઈન્સ,સુરત

Phone No. (0261)2662903, Fax No.: 2662902, Email:suratdeo@gmail.com

ક્રમાંક/પરિક્ષા/ગ-૩/૨૦૧૯/ ૧૧૧૭૪ તા.૨૭/૦૮/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રીઓ,

સુરત જિલ્લા ની તમામ શાળાઓ

વિષય: ફીટ ઈન્ડીયા મુવમેન્ટ કાર્યક્રમના ઉદઘાટન માં આયોજન કરવા અંગે

સંદર્ભ: (૧)મિનિસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટસ,ડાયરેક્ટર ઓફ એન એસ એસ ન્યુદિલ્હીનો તા.૨૨/૦૮/૨૦૧૯ નો ઈમેલ પત્ર

(૨)રીજીઓનલ ડાયરેક્ટર ઓફ એન એસ એસ અમદાવાદ નો તા. ૨૩/૦૮/૨૦૧૯ નો પત્ર

(૩)રાજ્ય એન એસ એસ અધિકારી,ગાંધીનગર નો પત્ર ક્રમાંક:રસાય/૦૧/યુનિ.કક્ષા/ફીટ.ઈ./૨૦૧૯/૧૫૭૧-૧૬૪૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આગામી ૨૯/૦૮/૨૦૧૯ના રોજ ઇન્દીરા ગાંધી ઇન્ડોર સ્ટેડીયમ, નવી દિલ્હી ખાતે માનનીય પ્રધાનમંત્રી શ્રી "ફીટ ઈન્ડીયા મુવમેન્ટ" કાર્યક્રમનાં લૉંચિગ કરી રહયા છે. જે સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રષારણ દુરદર્શન પરથી સવારે 10:00 કલાકથી થનાર છે આ પ્રષારણ સર્વે દ્વારા નિહાળવામાં આવે તે માટે આપના જિલ્લાના કલેકટરશ્રી નાં પરામર્શમાં તમામ પ્રાથમિક શાળાઓ,માધ્યમિક અને ઉચ્ચતર શાળાઓ ને જણાવવામાં આવે છે.જેમાં રમત પ્રવૃત્તિઓમાં એથ્લેટિક્સ, વોલીબોલ, કબ્બડી, ખો-ખો, ફૂટબોલ,હોકી, રસ્સાખેચ, જમ્પરોપ, યોગાશન પ્રવુતિઓ,પરંપરાગત રમતો, સાહસિક પ્રવુતિઓ, બીચ સ્પોર્ટસ, લોકનૃત્ય, કલાસિક નૃત્ય, સાયકલીંગ, મેરેથોન, પ્રભાત ફેરી જેવા કાર્યક્રમો વ્યાપક રીતે તા.૨૯/૦૮/૨૦૧૯ના રોજ સવારે ૯ થી ૧૦ કલાક દરમ્યાન કરવા.

Scanned with CamScanner

વધુમાં સવારે ૧૦:૦૦ કલાકે જીવંત પ્રસારણ થાય જેમાં કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ દ્વારા ફીટનેશ પ્રતિજ્ઞા લેવાય તેવું આયોજન કરવાની રહેશે. ઉક્ત કાર્યક્રમ સફળ બને અને વધુ ને વધુ લોકો જોડાય તે અંગે જરૂરી આયોજન કરવાનું રહેશે. આ કાર્યક્રમમાં N.S.S., N.C.C, સ્કાઉટ ગાઈડ, નહેરૂ યુવા કેન્દ્ર, સીનીયર સિટીઝન, દીવ્યાંગો વગેરેને સામેલ કરવાના રહેશે. તેમજ જીવંત પ્રસારણ માટે પ્રોગ્રામોના સ્થળે આયોજન કરવું. સદર કાર્યક્રમ પૂર્ણ થયેથી કામગીરીનો વિગતવાર અહેવાલ ભાગ લેનાર સભ્યોની સંખ્યા સહિતની માહિતી અત્રેની કચેરીનાં ઈ-મેઈલ એડ્રેસ **suratdeo@gmail.com** પર મેઈલ કરવાનાં રહેશે.

જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
સુરત જિ. સુરત.

Scanned with CamScanner